Westlife development reports revenue growth of 13.9% for Apr-Jun

# એપ્રિલથી જૂનના ત્રિમાસિકગાળામાં વેસ્ટલાઈફની વૃધ્ધિમાં ૧૩.૯ ટકાનો વધારો

(પ્રતિનિધિ) અમદાવાદ,

પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટની માસ્ટર ફ્રેન્ચાઈઝીની માલિક વેસ્ટલાઈફ ડેવલપમેન્ટ લિમિટેડ (મુંબઈ: ૫૦૫૫૩૩) દ્વારા તા.૩૦ જૂન, ૨૦૧૭ના રોજ પૂરા થતા નાણાંકિય વર્ષના અનઓડિટેડ નાણાંકિય અને સંચાલનના પરિણામોની આજે ઈન્ડ-એએસ એપ્લિકેશનને આધારે જાહેરાત કરવામાં આવી છે. મુંબઈમાં યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગમાં આ પરિણામોની નોંધ લેવામાં આવી છે. વેસ્ટલાઈફ ડેવલપમેન્ટ લિમિટેડના વાઈસ ચેરમેન અમિત જટીયાએ ૩૦ જૂન, ૨૦૧૭ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે "અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે અમારી રેસ્ટોરન્ટ દ્વારા ૮.૬ ટકાનો અસરકારક વૃધ્ધિ દર એપ્રિલથી જૂનના ત્રિમાસિક ગાળામાં દર્શાવવામાં આવ્યો છે. આ રીતે સતત સાતમા ત્રિમાસિક ગાળામાં હકારાત્મક વૃધ્ધિ દર દર્શાવ્યો તો છે, પરંતુ છેલ્લા ૪ વર્ષમાં સૌથી વધુ તુલનાત્મક વૃધ્ધિ નોંધાવી છે." સંચાલનની આ અદભૂત કામગીરીને કારણે કંપનીની આવકમાં રૂ.૨૬૨૩.૨ મિલિયનનો વધારો થયો છે અને તેને કારણે કંપનીનો ચોખ્ખો નફો રૂ.૨.૨ મિલિયન થયો છે. અમારા પરિણામો દર્શાવે છે કે અમે મજબૂત બિઝનેસ મોડલ દ્વારા કપરા વાતાવરણમાં સારૂ બજાર મેળવીને શ્રેષ્ઠ પરિણામ આપ્યું છે. અમે અમારા બિઝનેસ, પ્રક્રિયાઓ અને લોકોમાં જે રોકાણો કર્યા છે તેના ફળ હાંસલ થવા માંડ્યા છે. મેકકાફે અને મેકડિલિવરીના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થયા છે. મેકકાફેને આ ત્રિમાસિક ગાળાની શરૂઆતથી જ સરેરાશ દૈનિક સર્વોચ્ચ વેચાણો હાંસલ થતા રહ્યા છે. મેકડિલિવરીએ પણ ઝડપી ગતિથી પ્રગતિ ચાલુ રાખી છે. અમારા વેલ્યુ પ્લેટફોર્મ્સ દ્વારા હંમેશા ઉત્તમ પરિણામો પ્રાપ્ત થયા છે અને આ ત્રિમાસિક ગાળામાં હેપી પ્રાઈઝ કોમ્બો સ્ટાર બની ગયા છે. બ્રાન્ડ અને મેનુમાં નવિનતાને કારણે મેકડોનાલ્ડ ગ્રાહકોને આકર્ષવામાં, જાળવવામાં તથા ગ્રાહકોનો બેઝ સુધારવામાં સહાયરૂપ બની છે. આ ત્રિમાસિક ગાળામાં મેકડિલિવરી દ્વારા હરણફાળ ભરીને સ્વીગી અને ઝોમેટો જેવા એગ્રીગેટર્સ દ્વારા અમારી પહોંચ વિસ્તારવામાં આવી છે. કંપની તેની મેકકાફેની વૃધ્ધિનો વ્યાપ વિસ્તારી રહી છે અને આ ત્રિમાસિક ગાળા દરમ્યાન ૧૦ મેકકાફેનો ઉમેરો કરીને સંખ્યા ૧૨૧ સુધી પહોંચાડવામાં આવી છે. કંપનીએ અહેવાલના ત્રિમાસિક ગાળામાં પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં તેની કુલ સંખ્યા ૨૬૧ સુધી પહોંચાડી છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૫૦ થી ૫૦૦ રેસ્ટોરન્ટસનું ધ્યેય નક્કી કરવામાં આવ્યું છે. અહેવાલના ત્રિમાસિક ગાળામાં કંપનીએ ભારતમાં કામ કરવા જેવી ટોચની ૩૦ સંસ્થાઓમાંની એક તરીકે સ્થાન મેળવ્યું છે.

## તા.30 જૂન, ૨૦૧૭ના રોજ પૂરા થતા ત્રિમાસિકગાળાની નાણાંકિય વિશેષતાઓ:

- અગાઉના વર્ષની તુલનામાં પેટા કંપની હાર્ડકેસલ રેસ્ટોરન્ટસ પ્રાઈવેટ લિમિટેડ (એચઆરપીએલ)ના મજબૂત દેખાવને કારણે આવકમાં ૧૩.૯ ટકાની વૃધ્ધિ દર્શાવીને તેને ૨૬૨૩.૨ મિલિયન સુધી પહોંચાડી છે.
- અહેવાલના ત્રિમાસિક ગાળામાં એસએસજી વૃધ્ધિ ૮.૭ ટકા જેટલી રહી છે, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં ૩.૪ ટકા હતી.
- વ્યાજ, કરવેરા અને ઘસારા પુર્વેની ઓપરેટીંગ કમાણી ૩૫.૬ ટકાની વૃધ્ધિ દર્શાવી ૧૪૮ મિલિયન થઈ છે, જે અગાઉના વર્ષે સમાન ગાળામાં ૧૦૯.૧ મિલિયન હતી.
- કરવેરા પછીનો નફો ૨.૨ મિલિયન થયો છે.
- ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં ૧૩૬ મિલિયનના રોકડ નફા સામે અહેવાલના ગાળામાં ૩૩.૮ ટકાની વૃધ્ધિ દ્વારા ૧૮૨ મિલિયનનો નફો નોંધાવવામાં આવ્યો છે.
- અહેવાલના ત્રિમાસિક ગાળામાં 3 નવી રેસ્ટોરન્ટસ અને ૧૦ મેકકાફેનો પ્રારંભ કરીને કુલ સંખ્યા અનુક્રમે ૨૬૧ અને ૧૨૧ કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૧૭માં ભારતમાં કામ કરવા જેવી ઉત્તમ કંપનીઓમાં એચઆરપીએલને ૩૦મું સ્થાન પ્રાપ્ત થયું છે.